SINCE 1973
વિચારે મસાલા

પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬, શુક્રવાર
વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક
Page : 4 * Price : Rs. 1 * 07th August-2026, Friday * Year : 12 * Volume : 114 * Published From Vadodara. (Guj.)

વડપ્રદ ટુડે
Vadprad Today

તંત્રીઃ ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૨ માહે અષાઢ વદ-૯ વર્ષ : ૧૨, અંક : ૧૧૪
RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023

હું નવી પેઢી ઉપર આંખ બંધ કરીને વિશ્વાસ કરું છું, સુધારા માટે અવાજ ઉઠાવવો અને સવાલો પુછવા તેમનો અધિકાર છે : મોહન ભાગવત

Gen-Z સૌથી પ્રામાણિક પેઢી, દેશદ્રોહીનું લેબલ આપવાનું બંધ કરો : ભાગવત

નવીદિલ્હી, તા. ૬

દિલ્હી સહિત દેશભરમાં વિદ્યાર્થીઓ અને યુવાનોના વિરોધ પ્રદર્શન અને તેના પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે મોટું નિવેદન આપ્યું છે. મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં સંબોધન કરતા મોહન ભાગવતે દેશની નવી પેઢી Gen-Z અને ઝેન આલ્ફા પર પૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, તેઓ નવી પેઢી પર આંખ બંધ કરીને વિશ્વાસ કરે છે અને સુધારા માટે અવાજ ઉઠાવવો તથા સવાલો પૂછવા એ યુવાનોનો લોકશાહી અધિકાર છે. તેમણે ઉમેર્યું હતું કે અમારી પેઢી જ્યારે યુવાન હતી ત્યારે વડીલોના આદેશો આંખ બંધ કરીને માનતી હતી, પરંતુ આજનો યુવાવર્ગ દરેક વાતમાં તર્ક અને પ્રેમાળ સમજૂતી માંગે છે.સંઘ પ્રમુખ મોહન ભાગવતનું કહેવું છે કે Gen-Z અને જેન-આલ્ફા, જૂની પેઢી કરતાં પણ વધુ દેશભક્ત અને ઈમાનદાર છે. તેમણે કહ્યું આપણે તેમની વાત સાંભળવી જોઈએ. તેમની સાથે વાતચીતમાં કમી હતી, એટલા માટે દિલ્હીના જંતર-મંતર પર આંદોલન થયું. આ કાર્યક્રમ મુંબઈના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં યોજાઈ રહ્યો છે. નીટ પેપર લીક સામે દેશભરમાં થયેલા વિરોધ પ્રદર્શનો બાદ તેને આરએસએસનો યુવાનો સાથેનો સૌથી મહત્વપૂર્ણ સંવાદ માનવામાં આવી રહ્યો છે. જંતર-મંતર પર ૩૬ દિવસ ચાલેલા આંદોલન બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું. મોહન ભાગવતે કહ્યું હતું કે આંદોલન ત્યારે થાય છે, જ્યારે વાતચીત નિષ્ફળ થઈ જાય છે. જો સરકારે પહેલેથી જ વાત કરી લીધી હોત, તો આંદોલનની જરૂર ન હોત. આંદોલન પણ વાતચીત કરવાની એક રીત છે. આપણે લોકો જ્યારે Gen-Zની ઉંમરમાં હતા, ત્યારે વડીલો જે કહેતા, આપણે માની લેતા, સવાલ નહોતા કરતા.આજની Gen-Z સવાલ કરે છે. તેમને જવાબ જોઈએ છે અને પ્રેમ પણ જોઈએ છે. Gen-Zએ આંદોલન ન કરવું જોઈએ, એ તો આપણે નહીં કહીએ. બંધારણમાં લખેલું છે કે પ્રદર્શન કરવું જોઈએ, પરંતુ આ કેવી રીતે કરવું છે, તેને જોવું જોઈએ.આપણે પણ જોવું પડશે કે જો Gen-Z બૂમો પાડી રહી છે, તો કોઈક તકલીફ છે, તો જ બૂમો પાડી રહી છે. આંદોલન આપણા કે તમારા વિરુદ્ધ નહીં, પરંતુ સિસ્ટમમાં સુધારા માટે હોવું જોઈએ. જો Gen-Z આંદોલન કરી રહી છે, તો તે રાષ્ટ્રવિરોધી નથી. તેઓ આપણા પોતાના લોકો છે, આપણી આગામી પેઢી છે. તેમની સાથે આપણો સંબંધ છે. તેમણે આપણી વાત સમજવી જોઈએ અને આપણે તેમની વાત સમજવી જોઈએ. આ કેમ થયું, શા માટે થયું, તેનું કારણ જાણવું પડશે. આને જોઈને નક્કી કરવું પડશે કે ક્યાં ગરબડ છે. હું પણ વાંચીને જણાવી રહ્યો છું. કેટલાક ઉપદ્રવીઓ સામેલ થયા, આ ન્યૂઝ પેપરમાં વાંચ્યું છે. જો મારે આંખ બંધ કરીને ભરોસો કરવો છે, તો હું Gen-Z પર કરી શકું છું.

બળાત્કારના ગુનામાં સંડોવાયેલો આરોપી સયાજી હોસ્પિટલમાંથી કોન્સ્ટેબલને ધક્કો મારી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૬

સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવેલો દુષ્કર્મ જેવા એક ગંભીર ગુનાનો આરોપી પોલીસ જામામાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો છે. હોસ્પિટલના સ્કિન વિભાગમાં સારવાર ચાલી રહી હતી, ત્યારે આરોપી ફરજ પરના કોન્સ્ટેબલને ધક્કો મારીને ફરાર થઈ જતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. કલાકોની ભારે જહેમત છતાં આરોપીના કોઈ સગડ મળી આવ્યા નથી. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સમા પોલીસ મથકમાં નોંધાયેલા દુષ્કર્મના ગંભીર ગુનામાં કસ્ટડીમાં રહેલ દાહોદ જિલ્લાનો ગોવિંદ રમેશ વહોનિયા નામના આરોપીને સ્વાસ્થ્ય સંબંધી તકલીફના કારણે પોલીસ જામામાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલના સ્કિન વિભાગમાં જ્યારે ડોક્ટરો તેની તપાસ કરી રહ્યા હતા અને પોલીસ જવાનો તેની આસપાસ હાજર હતા, ત્યારે જ આરોપીએ અચાનક મોકો જોઈને હાજર કોન્સ્ટેબલને ધક્કો માર્યો હતો અને ક્ષણભરમાં જ નજર ચૂકવીને હોસ્પિટલના પરિસરમાંથી રફૂચક્કર થઈ ગયો હતો.પોલીસ કર્મચારી કશું વિચારે કે સમજે તે પહેલાં જ આરોપી અદ્રશ્ય થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડતા થઈ ગયા હતા. પોલીસ વિભાગમાં આ ઘટનાને કારણે ભારે દોડધામ મચી ગઈ છે અને તાત્કાલિક ધોરણે અલગ-અલગ પોલીસ ટીમો બનાવીને આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે સતર્કતા વધારી દીધી છે. ફરાર આરોપીને વહેલી તકે ઝડપી પાડવા માટે પોલીસે શહેરમાં વિવિધ વિસ્તારોમાં નાકાબંધી કરી દીધી છે તેમજ તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. ખાસ કરીને આરોપી ઝડપથી પકડાય તે માટે આધુનિક ટેકનોલોજીની મદદ લેવામાં આવી રહી છે.સયાજી હોસ્પિટલ અને આસપાસના સંકુલમાં ડ્રોન કેમેરાની મદદથી પણ આરોપીની સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે, જેથી આસપાસની અગાસીઓ કે છુપાઈ શકાય તેવી જગ્યાઓ પર નજર રાખી શકાય.બીજી તરફ આ સમગ્ર ઘટના સયાજી હોસ્પિટલ પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસે હોસ્પિટલ અને આસપાસના રસ્તાઓના સીસીટીવી ફુટેજ કબજે કરી લીધા છે, જેના આધારે આરોપી કઈ દિશામાં નાસી છૂટ્યો છે અને કયા માર્ગનો ઉપયોગ કર્યો છે તેની કડીઓ મેળવવામાં આવી રહી છે.હાલ તો ફરાર થયેલા કુખ્યાત આરોપીને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાંચ સહિતની પોલીસ ટીમો કામે લાગી છે.બનાવ સંદર્ભે પોલીસ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહે રાવપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. શહેર પોલીસ તંત્ર દ્વારા અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી છે.

રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ યોજાશે

રાજ્યભરમાં નવ થી સત્તર ઓગસ્ટ સુધી રાષ્ટ્રભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે : હર્ષ સંઘવી

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૬

દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો, તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા, બાળકો-વૃદ્ધો સહિતના નાગરિકોમાં દેશભક્તિના ભાવને મજબૂત કરવાના હેતુથી આ વર્ષે ગુજરાતમાં ૯મીથી ૧૭મી, ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા મંત્રીઓ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧૦મી, ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને તિરંગા કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું છે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ૧૧મી ઓગસ્ટે અમદાવાદ, ૧૨મી ઓગસ્ટે રાજકોટ અને ૧૪મી, ઓગસ્ટે વડોદરા ખાતે તિરંગા યાત્રા યોજાશે. આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. ભારત પાકિસ્તાન સરહદ પર આવેલા ગામડાઓથી લઈને રાજ્યના મોટા શહેરો સુધી તમામ જિલ્લાઓમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. જિલ્લા કલેક્ટરો અને પોલીસ કમિશનરો સાથે વિવિધ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ માટેની મંજૂરી મેળવી લેવામાં આવી છે. આ રાષ્ટ્રીય પર્વમાં રાજ્યની સામાજિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, શાળા-કોલેજો અને ધાર્મિક સંસ્થાઓ પણ ઉત્સાહભેર જોડાશે. રાજ્યના તમામ તાલુકાઓ, ગામડાઓ અને નવી બનેલી મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓમાં પણ સ્થાનિક કક્ષાએ રાષ્ટ્રભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે.વીર શહીદોને નમન કરવા અને જવાનોનો આભાર માનવા માટે દર વર્ષે યોજાતી આ યાત્રાઓમાં લાખોની સંખ્યામાં નાગરિકો અને યુવાનો જોડાય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓ અને તમામ સમાજના લોકો દેશભક્તિના મહાપર્વમાં સહભાગી બનશે.૧૪મી, ઓગસ્ટ સવારે તમામ જિલ્લા મથકો પર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો ખાસ કાર્યક્રમ પણ યોજાશે.

ગાંધીનગરની સરકારી કચેરીઓમાં પડેલા કન્ડમ ૭૦૦ વાહનોને ભંગારમાં વેચી દેવાશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૬

ગાંધીનગરમાં આવેલી સરકારી કચેરીઓમાં વર્ષોથી કેટલાક વાહનો કન્ડમ હાલતમાં પડ્યા છે. તે ઉપરાંત ૧૫ વર્ષ પૂર્ણ કરનાર વાહનોને પણ હવે કન્ડમ કરવાની તૈયારી ચાલી રહી છે. આ બાબતે ગાંધીનગર આરટીઓ દ્વારા એક યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં આશરે ૭૦૦ વાહનોનો સમાવેશ થયો છે.વિવિધ સરકારી કચેરીઓમાં બિનઉપયોગી બનીને કચેરીઓના આંગણામાં ધૂળ ખાતા સરકારી વાહનોના કાયમી નિકાલ માટે રાજ્ય સરકારે કમર કસી છે. વાહન વ્યવહાર વિભાગ દ્વારા સરકારી વાહનોને કન્ડમ કરીને તેનો નિકાલ કરવાની નવી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. તે મુજબ ૧૫ વર્ષ જૂના સરકારી વાહનોને મેટલ સ્ક્રેપ ટ્રેડ કોર્પોરેશન લિમિટેડ મારફતે નિકાલ કરાશે.રાજ્ય સરકારની કચેરીઓમાં આયુષ્ય વીતી ગયેલા વાહનો જગ્યા રોકી રહ્યા છે. સરકારી કામકાજની પ્રક્રિયાને કારણે કચેરીઓના કેમ્પસમાં કન્ડમ વાહનોનો ભરાવો જોવા મળે છે. સરકારી વાહનોના નિકાલ માટેની નવી પદ્ધતિમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે.

રક્તદાન મહાદાન હેઠળ લોકો સંસ્થાઓ રક્તદાન કરાવડાવે છે ત્યારે

રાજ્યમાં વ્યવસ્થાના અભાવે તેમજ બેદરકારીને કારણે ૮૫૦૦૦ યુનિટ રકત કચરામાં ફેંકવાની ફરજ પડી

નવીદિલ્હી, તા. ૬

એક તરફ અકસ્માત કે ગંભીર બીમારીઓ સામે જિંદગી અને મરણ વચ્ચે ઝોલાં ખાતા દર્દીઓ માટે લોહીનું એક-એક ટીપું અમૂલ્ય સાબિત થાય છે. પોતાના સ્વજનનો જીવ બચાવવા માટે લોકો લોહીની વ્યવસ્થા કરવા દિવસ-રાત એક કરી નાખે છે. આવી કપરી સ્થિતિમાં જાગૃત નાગરિકો રક્તદાન કરીને 'મહાદાન'નું પુણ્ય કમાય છે. પરંતુ, ગુજરાતમાંથી સામે આવેલા એક ચોંકાવનારા આંકડાએ રક્તદાતાઓને હચમચાવી મૂક્યા છે. રાજ્યની બ્લડ બેંકોની ઘોર બેદરકારી અને નબળા વ્યવસ્થાપનને કારણે દર્દીઓનો જીવ બચાવી શકે તેવું ૮૫,૦૦૦ યુનિટથી વધુ લોહીનો નિકાલ કરવો પડ્યો હતો.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના એક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫ દરમિયાન ગુજરાતની વિવિધ બ્લડ બેંકો દ્વારા કુલ ૧૧,૮૬,૯૭૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરો અને સેવાભાવી સંસ્થાઓના અથાક પ્રયાસોથી આટલો મોટો જથ્થો ભેગો થયો હતો. પરંતુ કમનસીબી એ છે કે, તેમાંથી ૮૫,૦૦૦થી વધુ યુનિટ લોહી દર્દીઓની નસો સુધી પહોંચવાને બદલે કચરામાં ગયું હતું. આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ તંત્રની આયોજન વગરની નીતિઓનો પુરાવો છે.અહેવાલ મુજબ, મોટા પાયે રક્તનો બગાડ થવા પાછળ મુખ્યત્વે બે ગંભીર કારણો જવાબદાર છે. પ્રથમ કારણ એ છે કે, રક્તદાન કરનારા કેટલાક લોકો અજાણતા જ એચઆઈવી, હેપેટાઈટીસ-બી, હેપેટાઈટીસ-સી, સિફિલિસ કે મલેરિયા જેવી જીવલેણ બીમારીઓથી પીડાતા હોય છે. યોગ્ય પ્રી-સ્ક્રીનિંગ ન થવાને કારણે આવા સંક્રમિત લોકો પણ રક્તદાન કરી બેસે છે. બાદમાં ટેસ્ટિંગ દરમિયાન ચેપ માલૂમ પડતાં દર્દીઓની સુરક્ષા માટે આ બ્લડ યુનિટ્સનો ફરજિયાત નિકાલ કરવો પડે છે.બીજું કારણ સમયમર્યાદાની અવધિ પૂરી થવી (એક્સપાયરી ડેટ) છે, કારણ કે લોહી સંગ્રહિત કરવાની એક નિશ્ચિત સમયમર્યાદા હોય છે. બ્લડ બેંકો વચ્ચે પરસ્પર સંકલન ન હોવાને કારણે જ્યાં લોહીની અછત હોય ત્યાં જથ્થો પહોંચતો નથી અને જ્યાં જરૂર ન હોય ત્યાં લોહી પડ્યું-પડ્યું એક્સપાયર થઈ જાય છે.રક્તનો નિકાલ કરવા પાછળ અન્ય પણ કેટલાંક ટેકનિકલ અને વ્યવસ્થાપકીય કારણો રહેલા છે. એચઆઈવી, હેપેટાઈટીસ-સી, સિફિલિસ કે મલેરિયા પોઝિટિવ હોય તેવા લોકો દ્વારા રક્તદાન થઈ જતાં આ સંક્રમિત બ્લડ યુનિટ્સનો નિકાલ કરવો ફરજિયાત બને છે. આ ઉપરાંત બ્લડ યુનિટની વાપરવાની સમયમર્યાદા વીતી ગઈ હોય (૩૫થી ૪૨ દિવસ) અથવા તો નિયત માત્રા કરતાં ઓછું લોહી એકત્રિત થયું હોય ત્યારે પણ તેનો નિકાલ કરવો પડે છે. સેન્ટ્રીફ્યુગેશન દરમિયાન અથવા હેન્ડલિંગમાં બ્લડ બેગ લીક થવી, લોહીમાં ગઠ્ઠા જામી જવા, બેક્ટેરિયલ ઇન્ફેક્શન દેખાવું અથવા હિમોલિસિસ થવું પણ બગાડ માટે જવાબદાર છે. આ સિવાય જો લોહી નિયત તાપમાન બહાર રહ્યું હોય અથવા વોર્ડમાંથી ૩૦ મિનિટ કરતાં વધુ સમય બહાર રહ્યા પછી પરત આવ્યું હોય, તો સુરક્ષાના કારણોસર તેનો ઉપયોગ કરી શકાતો નથી અને નિકાલ કરવો પડે છે

અમદાવાદમાં જાણીતા લેખિકા કાજલ ઓઝા વૈદ્યનો કિમતી સામાન લૂંટી લૂંટારા ફરાર

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૬

જાણીતા ગુજરાતી લેખિતા કાજલ ઓઝા વૈદ્ય દાદરથી ગુજરાત મેઈલ ટ્રેનમાં અમદાવાદના મણિનગર રેલવે સ્ટેશને સવારે પાંચ વાગ્યે ઉતર્યા હતા. ત્યારબાદ તેમણે વસ્ત્રાપુર ઘરે જવા માટે રિક્ષા કરી હતી. રિક્ષામાં તેમણે પોતાનું લુઈ વિત્તો કંપનીનું બ્રાઉન કલરનું લેડીઝ પર્સ સીટમાં પાસે મુક્યું હતું, રિક્ષા સવા પાંચેક વાગ્યે તેઓ કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડથી ભૂલાભાઈ ચાર રસ્તા તરફ જઈ રહી હતી ત્યારે બમ્પ આવતા રિક્ષા ધીમી પડી હતી. આ જ તકનો લાભ લઈને પાછળથી મોપેડ પર બે ઈસમોએ આવીને રિક્ષામાંથી પર્સની ચીલઝડપ કરી હતી અને ભાગી છૂટ્યા હતા.કાજલ ઓઝા વૈદ્યે આ અંગે કાગડાપીઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તેમની ફરિયાદ મુજબ લુઈ વિત્તો કંપનીનું બ્રાઉન કલરનું પર્સ, તેમાં સેમસંગ એસર ૬ મોડલનો ફોન તથા અન્ય એક મોંઘો ફોન હતો. આ ઉપરાંત રેમન્ડ વેલ કંપનીની ઘડિયાળ પણ હતી. લેડિઝ પર્સની અંદર અન્ય એક પર્સ પણ હતું જેમાં ખાનગી બેન્કનું એક ડેબિટ કાર્ડ તથા છ ક્રેડિટ કાર્ડ હતા તથા રોકડા રૂ. ૩થી ૪ હજાર પણ હતા. લૂંટારુ મોંઘા પર્સ ઉપરાંત કિંમતી સામાનની ચોરી કરી પલક ઝપકે ત્યાં ફરાર થઈ ગયા હતા. આ બાબતે પોલીસે ગુનો નોંધી સીસીટીવીને આધારે તપાસ હાથ ધરી છે.

બાળ તસ્કરી નેટવર્કમાં એજન્ટ સાથે સોદો કરનાર મુંબઈના ડોક્ટરની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૬

વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ખુલ્લા પાડવામાં આવેલા પાટણથી મુંબઈ સુધીના બાળ તસ્કરી નેટવર્કમાં મહત્વની ભૂમિકા ભજવનાર મુંબઈના ડોક્ટરની ગુનાશોધક શાખા દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આઠ દિવસના બાળકને ત્રણ લાખમાં વેચવા જઈ રહેલા સિદ્ધપુરના મનોજ રાવળ અને વીણા રાવળને ઝડપી પાડી બાળકને સિવિલ હોસ્પિટલમાં દેખરેખ માટે મોકલી આપ્યું હતું. પોલીસે મનોજના સાળા અને મુખ્ય એજન્ટ એવા સુનીલ રાવળ સહિત ૯ જણાને ઝડપી પાડ્યા હતા. બાળકના પિતા લક્ષ્મણે રૂ.૨ લાખમાં બાળકનું સોદો કર્યો હતો.મનોજ અને વીણા પાસેથી બાળક લેવા માટે મુંબઈના સોહિલ અને તૌફિક આવવાના હતા. જેથી પોલીસે તેમની પણ ધરપકડ કરી હતી. બંનેની પૂછપરછ તેમજ એજન્ટ સુનિલ રાવળના મોબાઈલની વિગતો ઉપરથી મુંબઈના અમરનાથ વિસ્તારમાં આવેલી બાલાજી હોસ્પિટલ અને ભીવંડીની નજમા હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા સચિન દેવ મહાવીર નાગનાથ લોખંડે (જસવાઈ

ત્રણ લાખમાં બાળકને વેચવાના કૌભાંડમાં આરોપીને છ દિવસના રિમાન્ડ

ગાવ, ગાયકર કમ્પાઉન્ડ, અંબરનાથ,થાણે, મહારાષ્ટ્ર) ને ઝડપી પાડ્યો છે.તપાસ દરમિયાન શરૂઆતમાં પોલીસને ડોક્ટર સચિન દેવ ગાયનેક હોસ્પિટલ ધરાવતા હોવાની વિગતો મળી હતી. પરંતુ રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરતા સચિન દેવ ગાયનેકોલોજીસ્ટ નહીં પણ એમબીબીએસ હોવાનું જાણવા મળ્યું છે. જેથી પોલીસે તેની ડીગ્રી સર્ટિફિકેટ મેળવવા તજવીજ કરી છે. એનટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ કે.જી લીમ્બચીયાએ તેમને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં સચિન દેવ બાળકને પોતાની પાસે રાખ્યા બાદ થોડા દિવસ દેખરેખ રાખવાનો હતો અને કોઈ મહિલાને બાળક આપી દેવાનો હોવાની માહિતી મળતા તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસને એવી પણ માહિતી મળી છે કે સુનીલ સાથે સોદો કરનાર સચિન દ્વારા અગાઉ બાળકને રિજેક્ટ પણ કરવામાં આવ્યું હતું. જેથી પોલીસે સચિન અને સુનિલના મોબાઈલ ફોનની વિગતો મેળવવા ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લીધી છે.

સયાજી હોટેલ્સ (પુણે) લીમીટેડ
CIN : L55204GJ2018PLC161133
રજીસ્ટર્ડ ઓફીસ : કાલા ઘોડા સર્કલ પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત- 390020, ભારત
ફોન: 0731-4006666, ઈમેલ આઈડી: cs@shplpune.com, વેબસાઈટ: www.shplpune.com

૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલ ત્રિમાસીક અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો અંશ
(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone			Consolidated		
		Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)	Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)
1	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	2,010.15	1,901.65	8,134.66	2,010.15	1,901.65	8,134.66
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પહેલાં)	779.48	638.08	2,626.08	779.00	636.34	2,597.82
3	કર પૂર્વેના સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	779.48	638.08	2,626.08	779.00	636.34	2,597.82
4	કર બાદ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	594.77	461.96	1,965.98	594.41	457.57	1,940.34
5	સમયગાળા માટેની કુલ સર્વગ્રાહી આવક [જેમાં સમયગાળાનો નફો / (નુકસાન) (કર બાદ) અને અન્ય સર્વગ્રાહી આવક (કર બાદ)નો સમાવેશ થાય છે]	594.52	460.36	1,965.00	594.16	455.97	1,939.36
6	ઇક્વિટી શેર મૂડી	304.66	304.66	304.66	304.66	304.66	304.66
7	પાછલા વર્ષના ઓડિટ થયેલા પાકા સરવૈયામાં દર્શાવ્યા મુજબના અનામતો (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-	-	9,915.96	-	-	9,816.97
8	શેર દીઠ આવક (પ્રત્યેક ₹ ૧૦/- ના) (ચાલુ અને બંધ થયેલી કામગીરી માટે)						
	બેઝિક :	19.52	15.16	64.53	19.51	15.02	63.69
	ડાયલ્યુટેડ :	19.52	15.16	64.53	19.51	15.02	63.69

નોંધ: ઉપરોક્ત માહિતી SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં દાખલ કરવામાં આવેલા 30 જૂન, 2026 ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે. 30 જૂન, 2026 ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ **www.bseindia.com** અને કંપનીની વેબસાઇટ **www.shplpune.com** પર ઉપલબ્ધ છે; તેમજ નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ તેને જોઈ શકાય છે.

સ્થળ: **વડોદરા**
તારીખ: **૦૬.૦૮.૨૦૨૬**
બોર્ડના આદેશથી
સયાજી હોટેલ્સ (પુણે) લીમીટેડ માટે
સહી/-
અભય ચિંતામન ચૌધરી
અધ્યક્ષ

સયાજી હોટેલ્સ લીમીટેડ
CIN : L51100GJ1982PLC162541
રજીસ્ટર્ડ ઓફીસ : 441, 942/1942, ટીપી નંબર 66, ભીમનાથ બ્રિજ પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત-390020, ભારત
ફોન: 0731-4006666, ઈમેલ આઈડી: cs@sayajigroup.com, વેબસાઈટ: www.sayajihotels.com

૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલ ત્રિમાસીક અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો અંશ
(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone			Consolidated		
		Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)	Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)
1	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	2,000.27	3,552.97	14,878.43	2,000.27	3,552.97	14,878.43
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પહેલાં)	(40.16)	(32.67)	367.93	(36.10)	(28.78)	386.88
3	કર પૂર્વેના સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	(40.16)	(32.67)	1,479.63	(36.10)	(28.78)	1,498.58
4	કર બાદ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	(65.28)	(28.84)	1,108.82	29.69	(513.10)	(631.78)
5	સમયગાળા માટેની કુલ સર્વગ્રાહી આવક [જેમાં સમયગાળાનો નફો / (નુકસાન) (કર બાદ) અને અન્ય સર્વગ્રાહી આવક (કર બાદ)નો સમાવેશ થાય છે]	(61.20)	(36.60)	1,125.12	33.77	(499.75)	(661.46)
6	ઇક્વિટી શેર મૂડી	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80	1,751.80
7	પાછલા વર્ષના ઓડિટ થયેલા પાકા સરવૈયામાં દર્શાવ્યા મુજબના અનામતો (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-	-	4,984.50	-	-	13,781.00
8	શેર દીઠ આવક (પ્રત્યેક ₹ ૧૦/- ના) (ચાલુ અને બંધ થયેલી કામગીરી માટે)						
	બેઝિક :	(0.37)	(0.16)	6.33	0.17	(2.93)	(3.62)
	ડાયલ્યુટેડ :	(0.37)	(0.16)	6.33	0.17	(2.93)	(3.62)

નોંધ : ઉપરોક્ત માહિતી SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના નિયમન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં દાખલ કરવામાં આવેલા 30 જૂન, 2026 ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે. 30 જૂન, 2026 ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ